પંચાયતી રાજ સંસ્થાઓના નાંણાકીય આવકના સાધનો સંગીન બનાવવા ૧૩ મા નાણાપંચની ભલામણો અન્વયે સહાયક અનુદાન આપવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ટીએચએફસી-૧૦૨૦૧૦-૮૭૬-બ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ-૧૦-૮-૨૦૧૦

**વંચાણે લીધાઃ-**

(૧) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૩૧-૩-૨૦૧૦નો પત્ર ક્રમાંક-ટીએચએફસી-૨૦૧૦-જીઓઆઇ-૧૦૫-એફઆર,
(૨) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તારીખ ૧૨-૫-૨૦૧૦નો ઠરાવ નં ટીએચએફસી-૨૦૧૦ -જીઓઆઇ-૩૨૨–એફઆર,
(૩) ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલયનો તારીખ ૧૪-૫-૨૦૧૦ નો પત્ર નં.૧૧૦૧૦-પીઓઆઇ.૨,
(૪) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએફસી-૧૦૨૦૦૫-૧૧૨૪-બ, તા.૧૬-૧-૨૦૦૬,
(૫) ભારત સરકારના નાણા મંત્રાલયનો તા.૧૫-૭-૨૦૧૦ નો પત્ર નં.એફ-૧૨(૩)-એફસીડી-૨૦૧૦,
(૬) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ અપબ-૧૦૨૦૧૦-૩૨૭૩૮૯-ક, તા.૨૦-૭-૨૦૧૦,
(૭) ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલયનો તા.૧૪-૫-૨૦૧૦ નો પત્ર નં.૧૧૦૧૯-૭૦૪- ૦૮-પીઓઆઇ.૨.

**ઠ રા વઃ -**

કેન્દ્રીય ૧૩ મા નાણાં પંચની ભલામણ અનુસાર રાજય સરકારની પંચાયતો માટે ૨૦૧૦-૨૦૧૫ના સમયગાળા માટે કુલ રૂ.૨૩૩૩.૧૦ કરોડની ફાળવણી કરવાનું કેન્દ્ર સરકારે સ્વીકારેલ છે. સદરહુ રકમમાંથી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને તાલુકા પંચાયતોના હિસાબ અને જાળવણી તેમજ પંચાયતોની નાણાંકીય સ્થિતિનો ડેટાબેઝ તૈયાર કરવાની કામગીરી તથા પંચાયતો ધ્વારા પુરી પાડવામા આવતી નાગરિક સેવા વિતરણની કામગીરી તથા સ્વચ્છતાના કામો કરવાના રહેશે.

૨. કેન્દ્રીય ૧૩મા નાણા પંચે, રાજયોને વહેંચણીપાત્ર ગ્રાન્ટના બે ભાગ પાડેલ છે-
(૧) સામાન્ય ગ્રાન્ટ(General Basic Grant) અને (૨) કામગીરી આધારિત(General Performance Grant).

રાજયને ૧૩મા નાણા પંચના સમયગાળા ૨૦૧૦-૧૧ થી ૨૦૧૪-૧૫ના પાંચ વર્ષના ગાળા દરમ્યાન સામાન્ય ગ્રાન્ટ પેટે રૂા.૧૫૨૫.૪૦ કરોડ અને કામગીરી આધારિત ગ્રાન્ટ પેટે રૂા.૮૦૭.૭૦ મળીને કુલ રૂપિયા ૨૩૩૩.૧૦ ગ્રાન્ટ મળવા પાત્ર થશે.

૩. કામગીરી આધારિત ગ્રાન્ટ મેળવવા માટે રાજયોએ કેન્દ્રીય નાણા પંચે મુકેલ કેટલીક શરતોનું પાલન કરવાનું રહેશે. ૧૩મા નાણા પંચની ભલામણોની અમલવારી સને ૨૦૧૦-૧૧ થી કરવાની રહે છે. આ અમલવારી માટેની વિગતવાર સૂચનાઓ વંચાણે લીધેલ ક્રમાંકઃ ૫ માં જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર તરફથી મળનાર માર્ગદર્શક સૂચનાઓ બાદ રાજય સરકાર ધ્વારા બહાર પાડવામાં આવશે. દરમ્યાન, કેન્દ્ર સરકાર ધ્વારા ઉચ્ચક (ઓન એકાઉન્ટ) પહેલા હપ્તાની ગ્રાન્ટ પેટે રૂા.૧૦૮.૬૨ કરોડની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ ૬ ના પરીપત્રથી આ અગાઉ ફાળવેલ ગ્રાન્ટ રૂા.૨૮.૧૨૫૦ કરોડની રકમ સરભર કરીને રૂા.૮૦.૪૮૫૦ કરોડ રકમની ગ્રાન્ટ આ વિભાગને હવાલે મુકવામાં આવેલ છે.

ઉપરોકત સંજોગોમાં, ૧૩ મા નાણા પંચની ભલામણો અનુસાર ગ્રાન્ટ કઇ રીતે વાપરવી તે અંગે કોઇ ચોકકસ ભલામણો કરેલ નથી. વળી, કેન્દ્ર સરકાર તરફથી આ સંબંધમાં વિગતવાર દિશા નિર્દેશો બહાર પડનાર છે તેને ધ્યાને લઇ, હવે પછી રાજય સરકાર ધ્વારા બહાર પાડવામાં આવનાર વિગતવાર સૂચનાઓને આધિન હાલ તુરંત ઉપરોકત પ્રથમ હપ્તાની ગ્રાન્ટનો ઉપયોગ કરવા નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

(૧) જિલ્લાને મળનાર કૂલ ગ્રાન્ટ પૈકી <u>૭૦</u> ટકા ગ્રાન્ટ ગામ પંચાયતોને વહેંચવાની રહેશે. <u>૧૫</u> ટકા ગ્રાન્ટ તાલુકા કક્ષાએ અને <u>૧૫</u> ટકા ગ્રાન્ટ જિલ્લા કક્ષાએ વહેંચવાની રહેશે.

વિકાસ કમિશ્નરશ્રીએ વિભાગ તરફથી તેઓના હવાલે મુકાયેલ ગ્રાન્ટ વસ્તી ગણતરી, ૨૦૦૧ના અધિકૃત ગ્રામ્ય વસ્તીના આંકડાઓના આધારે જિલ્લાઓને ફાળવવાની રહેશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લાને ફાળવવામાં આવેલ કુલ ગ્રાન્ટ પૈકી (૧) ગ્રામ પંચાયતોને ફાળવવાની થતી <u>૭૦</u> ટકા ગ્રાન્ટની વહેંચણી ગ્રામ પંચાયતો વચ્ચે વસ્તી ગણતરી, ૨૦૦૧ના ગ્રામ્ય વસ્તીના અધિકૃત આંકડાને આધાર તરીકે લઇ ગ્રામ્ય વસ્તી અનુસાર કરવાની રહેશે અને તેવીજ રીતે (૨) બાકી રહેતી <u>૩૦</u> ટકા ગ્રાન્ટની રકમ પૈકીની રકમની જિલ્લાઓ અને તાલુકાઓ વચ્ચે ૧૫-૧૫ ટકા લેખે કરવાની થતી વહેંચણી પણ જિલ્લા અને તાલુકાની ગ્રામ્ય વસ્તીને લગતા વસ્તી ગણતરી, ૨૦૦૧ના ગ્રામ્ય વસ્તીના અધિકૃત આંકડાને આધાર તરીકે લઇને કરવાની રહેશે.

ખાસ વિસ્તાર માટેની ગ્રાન્ટ(Grant for Special Areas) ફકત ખાસ વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો માટે જ રહેશે અને તે ગ્રાન્ટની દરેક ગ્રામ પંચાયતને માથાદિઠ રૂા.૨૦ લેખે ફાળવણી કરવાની રહેશે.

આ યોજના તળે હાથ ધરવાના કામો ગ્રામ પંચાયતોએ ગ્રામ સભાની બેઠકમાં રજુ કરી, પસંદગીનો નિર્ણય કરીને તે ઉપર સબંધિત તાલુકા વિકાસ અધિકારીની બહાલી મેળવી લેવાની રહેશે. તાલુકા પંચાયતે હાથ ધરવાના કામો માટે કામોની પસંદગીનો નિર્ણય કરી, જિલ્લા વિકાસ અધિકારીની બહાલી મેળવી લેવાની રહેશે અને જિલ્લા પંચાયતે હાથ ધરવાના કામો માટે કામોની પસંદગીનો નિર્ણય કરી, તેની દરખાસ્ત વિકાસ કમિશ્નરને મોકલવાની રહેશે. વિકાસ કમિશ્નરે તેને બહાલી આપવાની રહેશે.

આ કામોના અમલીકરણ માટે નિયત કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

૨૦૧૦-૧૫ના પાંચ નાણાંકીય વર્ષ માટેની યોજનાઓનો પોર્ટફોલીયો તૈયાર કરવાનો રહેશે.

એક જિલ્લાને મંજૂર થયેલ અનુદાનનો કોઇપણ હિસ્સો બીજા જિલ્લાને તબદીલ કરી શકાશે નહિ.

(૨) કેન્દ્ર સરકારમાંથી ગ્રાન્ટ મળ્યેથી ૫ દિવસમાં તબદીલ કરવાની રહેશે અને જયાં બેંકીગ સુવિધા ઉપ્લબ્ધ ન હોય ત્યાં ૧૦ દિવસ સુધીમાં જે તે અન્ય વ્યવસ્થા ગોઠવી ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતના બેંક એકાઉન્ટમાં જમા કરાવવાના રહેશે. આ માટે દરેક પંચાયતના બેંક એકાઉન્ટ હોવા જરૂરી છે. બેંક એકાઉન્ટ છે તે તપાસી નિર્ણય લેવા ગ્રાન્ટ પંચાયતોને તબદીલ કરી દેવાની રહેશે.

(૩) આ અનુદાનનો ઉપયોગ નાગરિક સેવાઓની જાળવણી માટે કરવાનો રહેશે. આ સેવામાં શુધ્ધ પીવાના પાણી માટેની યોજના, સ્યુઅરેજ(ડ્રેનેજ), સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્ટ્રીટ લાઇટના કામોનો સમાવેશ થાય છે. અનુદાનની રકમ ઉપરના કામો માટે કામના પ્રમાણ અને જરૂરીયાત અનુસાર ફાળવણી કરવાની રહેશે. કોઇ પણ કામ રૂ.૫૦.૦૦ લાખથી વધારે રકમનું લઇ શકાશે નહિ.

(૪) ડેટાબેઝ તેમજ ગ્રામ પંચાયતોના હિસાબો ધ્વિનોંધી નામા પધ્ધતી પ્રમાણે તૈયાર કરી કોમ્પ્યુટરાઇઝ કરી વેબ સર્વર ઉપર મૂકવાની કાર્યવાહી કરવાની રહેશે.

ડેટાબેઇઝ તૈયાર કરાવવાની જવાબદારી વિકાસ કમિશ્નરની કચેરીની રહેશે તેમજ કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ધ્વારા નિયત થયેલ નમૂનામાં સદર ડેટા મેળવવાના અને તેની ખતવણી કરવાની રહેશે. પંચાયતોની નાણાંકીય સ્થિતિને લગતો આ ડેટાબેઇઝ જિલ્લા કક્ષાએ, રાજય કક્ષાએ અને કેન્દ્ર કક્ષાએ કોમ્પ્યુટર દ્વારા નિભાવવાનો રહેશે.

(૫) ભારત સરકાર કે રાજય સરકારની અન્ય યોજના/ સાધનોમાંથી જે હેતુ માટે ખર્ચ કરવામાં આવ્યો હોય તેવા કામો માટે એ જ હેતુ માટે આ રકમ વાપરી શકાશે નહી, એટલે કે કોઇ

યોજનાનો ખર્ચ બેવડાય નહિ તે જોવાનું રહેશે. આ અંગેનુ પ્રમાણપત્ર જિલ્લાના સબંધિત અધિકારીએ આપવાનું રહેશે.

(૬) આ યોજના તળે નવીન, પાકા અને ટકાઉ કામો હાથ ધરવાના રહેશે અને થયેલ કામોની સબંધિત પંચાયતના મિલકત રજીસ્ટરમાં અચૂકપણે નોંધ કરવાની રહેશે.

(૭) જિલ્લા પંચાયતે અનુદાનની આ રકમ પી.એલ.એ.માં રાખવાની રહેશે તથા તે અંગેના હિસાબો અલગ રીતે સંપુર્ણપણે નિભાવવાના રહેશે.

(૮) રાજય સરકારે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલનું તાંત્રિક માર્ગદર્શન અને સુપર વિઝન મુકેલ હોઇ, પંચાયતોના હિસાબોનું ઓડિટ લોકલ ફંડ ઓડિટ વિભાગ અને કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ધ્વારા કરવાનું રહેશે.

(૯) આ યોજના હેઠળ દર ત્રિમાસના અંતે થયેલ ખર્ચ અંગેનુ ઉપયોગીતા પ્રમાણપત્ર નિયત પત્રકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વિકાસ કમિશ્નરશ્રીને રજૂ કરવાનું રહેશે. વિકાસ કમિશ્નરશ્રી દ્વારા આ અંગેનું એકત્રિત ઉપયોગિતા પ્રમાણ પત્ર પાંચ નકલમાં રાજય સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૧૦) આ અનુદાનમાંથી કર્મચારીઓના પગાર-ભથ્થા, આકસ્મિક ખર્ચ, સ્ટેશનરી ખર્ચ કે પ્રવાસ ભથ્થા જેવા અન્ય કામો માટે ખર્ચ કરી શકાશે નહિ.

(૧૧) આ ૧૩ મા નાણા પંચની યોજના હેઠળના કામોના મોનીટરીગ અને ગ્રાન્ટના ઉપયોગની સમીક્ષા કરવા તેમજ ગાઇડલાઇન્સના અર્થઘટન માટેનો પ્રશ્ન ઉભો થાય તો, તે માટે નાણાપંચના અહેવાલના ફકરા ક્રમાંક ૧૨.૩૨૬ માંની સૂચના અનુસાર રાજય સરકારના નાણા વિભાગના તારીખ.૧૨-૫-૧૦ના ઠરાવથી મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે ઉચ્ચ કક્ષાની સમિતિ રચવામાં આવેલ છે તે સમતિ અધિકૃત સક્ષમ સત્તા ગણાશે.

આ સમિતિના સભ્ય તરીકે અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ વિભાગ), અગ્ર સચિવશ્રી(નાણા વિભાગ), અગ્ર સચિવશ્રી(આયોજન)(સામાન્ય વહીવટ વિભાગ), અગ્ર સચિવશ્રી(શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાણ વિભાગ), અગ્ર સચિવશ્રી (પંચાયત, ગ્રામ ગૃહ નિમાણ અને ગ્રામ વિકાસ વિભાગ), અગ્ર સચિવશ્રી(વન અને પયાવરણ વિભાગ), અગ્ર સચિવશ્રી (શિક્ષણ વિભાગ), અગ્ર સચિવશ્રી(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ), અગ્ર સચિવશ્રી(માર્ગ અને મકાન વિભાગ), સચિવશ્રી(આ.બા.) (નાણા વિભાગ), સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવશ્રી(કલાઇમેટ ચેન્જ વિભાગ), સચિવશ્રી(નર્મદા, જળસંપતિ પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ), સચિવશ્રી (કાયદા વિભાગ) અને સમિતિના સભ્ય સચિવ તરીકે અધિક સચિવ(બજેટ), નાણા વિભાગ રહેશે.

આ સમિતી દર ત્રણ મહિને, ઓછામાં ઓછુ એક વાર ગ્રાન્ટના ઉપયોગની સમીક્ષા કરવા માટે મળશે અને જરુરી લાગે તેવા સુધારાત્મક નિર્દેશો કરશે. આ સમિતિનુ વડુ મથક ગાંધીનગર રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી નં.૭૦, ૯૫ અને ૯૬, બજેટ સદર-૨૫૧૫- અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ-૮૦૦ અન્ય ખર્ચ,(૧૧) સીડીપી-૭ ૧૩મા નાણાં પંચની ભલામણો અન્વયે પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બનાવવાના કેન્દ્રીય સહાયની ચુકવણી(આયોજન) ખાતે ઉધારવાનો રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ: ૨-૮-૨૦૧૦ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિર્વાણ શાહ )
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્ય મંત્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિધાનસભાના અધ્યક્ષશ્રી / ઉપાધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી.
- તમામ મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી.
- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ગુજરાત રાજયના સર્વે સંસદસભ્યશ્રીઓ.
- ગુજરાત રાજયના સર્વે ધારાસભ્યશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર.

- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ.
- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સર્વે શાખાઓ.
- નાણાં વિભાગ બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ.